જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૩/૨૦૧૭ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૫૨૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨૦ કેસ કરી, ૧૦૮ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫૯ લીટર દેશી દારૂ, ૪૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૪ બીયર ટીન, ૨ સ્કુટર અને એન.ડી.પી.એસ.ધારા મુજબ ૧૮.૨૫૧ કિલો/ગ્રામ ગાંજો કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૮ કેસ કરી ૬૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૫૨૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપમૃત્યુ :-**    **સમાચાર યાદી નં.૫૨૮/૧૭**

દાણીલીમડા : મોહમદ અવેશ મોહમદ અક્રમ રંગરેજ (ઉ.વ.૦૧)(રહે,ન્યુ ફૈસલનગર, દાણીલીમડા) એ તા.૧૨/૩/૧૭ રાતનાં ૯/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે રમતાં રમતાં કેરોસીન પી લેતાં, શરીરે અસર થતાં સારવાર અર્થે તેને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૩/૧૭ નાં કલાક ૦૦/૧૫ વાગે ફરજ પરનાં ડૉ.શ્રીએ મોહમદ અવેશને મૃત જાહેર કર્યો હતો. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માતમોત નોંધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી કાંતીભાઇ પુજાભાઇ ચલાવે છે

**આત્મહત્યાઃ-**    **સમાચાર યાદી નં.૫૨૯/૧૭**

રિવરફ્રન્ટ (ઇસ્ટ) : આકાશ ગોવિદભાઇ પટણી (ઉ.વ.૧૪)(રહે,લાલીબેનના છાપરા રાયપુરમીલ પાસે સરસપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૩/૩/૧૭ બપોરનાં ૩/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે દુધેશ્વર બ્રીજની નીચે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ (ઇસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)